# પૅક્સલોવિડ વિશે તમારે શું જાણવું જરૂરી છે

## પૅક્સલોવિડ શું છે?

પૅક્સલોવિડ એ તમને કોવિડ-19 દ્વારા બીમાર થવાથી રોકવામાં મદદ કરવા માટેની દવા છે.

તેમાં બે દવાઓ (નિર્માત્રેલવીર અને રિતોનાવીર) છે જે તમારા શરીરની અંદર કોવિડ-19 વાયરસને ફેલાતા રોકવા માટે એકસાથે કામ કરે છે.

પૅક્સલોવિડ તમારા લક્ષણોને વધુ ખરાબ થતા અટકાવી શકે છે અને તમને કોવિડ-19 માટે હોસ્પિટલમાં જવાની જરૂર પડે તેવી શક્યતા ઓછી થઈ શકે છે.

**પૅક્સલોવિડ તમને ફરીથી કોવિડ-19 નો ચેપ લાગતા અટકાવશે નહીં.**
**પૅક્સલોવિડ એ રસીકરણનો વિકલ્પ નથી. ગંભીર કોવિડ-19 ચેપ સામે શ્રેષ્ઠ બચાવ એ છે કે રસીકરણ સાથે અદ્યતન રહેવું.**

## કોણે પૅક્સલોવિડ મેળવવી જોઈએ?

જો તમને કોવિડ-19 થી ગંભીર બીમારી થવાનું ભારે જોખમ હોય તો તમે પૅક્સલોવિડ મેળવી શકો છો. તે સારી રીતે કામ કરે તે માટે તમારે લક્ષણોની શરૂઆતના પાંચ દિવસની અંદર પૅક્સલોવિડ શરૂ કરવું જરૂરી છે.

ગંભીર બીમારીનું તમારું જોખમ તમારા સ્વાસ્થ્ય, ઉંમર અને રસીકરણની સ્થિતિ પર આધારિત હોય છે.

જો તમને ભારે જોખમ હોય તો એ આરોગ્ય સંભાળ કાર્યકર્તા તમને કહી શકે છે. તમે ભારે જોખમમાં છો કે કેમ તે જોવા માટે તમે ઑન્ટેરિયોના સ્ક્રીનર ટૂલનો પણ ઉપયોગ કરી શકો: **https://covid-19.ontario.ca/covid-treatment-screener**

તમને વધુ જોખમ હોઈ શકે છે જો તમે:

- ✓ 60 કે તેથી વધુ ઉંમરના હોવ;
- ✓ 18 કે તેથી વધુ ઉંમરના અને રોગપ્રતિકારક શક્તિ નબળી પડી ગઈ હોય (રોગપ્રતિકારક શક્તિ જે સ્વાસ્થ્યની સ્થિતિ અથવા દવાઓથી નબળી પડી હોય);
- ✓ 18 થી 59 વર્ષની ઉંમરના અને કોવિડ-19 સામે પૂરતી રોગપ્રતિકારક શક્તિ ન ધરાવતા હોઈ શકે (ઉદાહરણ તરીકે, તમે રસી ન લીધી હોય, અથવા તમને રસીનો ડોઝ લીધાને છ મહિનાથી વધુ સમય થઈ ગયો હોય અથવા કોવિડ-19થી બીમાર થયા હોવ)
- ✓ 18 થી 59 વર્ષની ઉંમરના એક અથવા વધુ તબીબી સ્થિતિઓ જે તમને ગંભીર કોવિડ-19નું જોખમ વધારે છે. કેટલીક તબીબી સ્થિતિઓ જે તમને ગંભીર કોવિડ-19 ના ઉચ્ચ જોખમમાં મૂકી શકે, તે છે:
  - કેન્સર
  - સેરેબ્રોવસ્ક્યુલર રોગ (દા.ત., સ્ટ્રોક)
  - કિડનીનો રોગ
  - લીવરનો રોગ
  - ફેફસાંનો રોગ
  - સિસ્ટિક ફાઇબ્રોસિસ
  - ડાયાબિટીસ
  - વિકલાંગતા
  - હૃદયની સ્થિતિ
  - HIV ચેપ
  - અમુક માનસિક સ્વાસ્થ્ય વિકૃતિઓ
  - સ્થૂળતા
  - ગર્ભાવસ્થા અને તાજેતરની ગર્ભાવસ્થા
  - ધૂમ્રપાન (વર્તમાન અથવા ભૂતપૂર્વ)
  - ટ્યુબરક્યુલોસિસ

**જો તમને લાગે કે તમને કોવિડ-19 થી ગંભીર બીમારીનું જોખમ વધારે છે તો વિકલ્પોની ચર્ચા કરવા માટે આરોગ્ય સંભાળ કાર્યકર્તા સાથે વાત કરો.**

## મને લાગે છે કે મને કોવિડ-19 થયો છે. તો હું પૅક્સલોવિડ કેવી રીતે મેળવી શકું?

તમે તમારા લક્ષણો અહીં તપાસી શકો છો:
**covid-19.ontario.ca/exposed#symptoms**

Ontario Health

જો તમને લાગતું હોય કે તમને ગંભીર બીમારીનું ભારે જોખમ છે અને તમને કોવિડ-19નાં લક્ષણો છે, તો તમે આ કરી શકો છો:

- તમારી ફાર્મસીનો સંપર્ક કરો (ઘણા ફાર્માસિસ્ટ પૅક્સલોવિડ લખી શકે છે)
- તમારા પ્રાથમિક સંભાળ કાર્યકર્તાનો સંપર્ક કરો (ફેમિલી ડૉક્ટર અથવા નર્સ પ્રેક્ટિશનર)

જો તમારા પ્રશ્નો હોય અથવા મદદની જરૂર હોય તો તમે Health811નો પણ સંપર્ક કરી શકો છો. નર્સ સાથે ઓનલાઈન ચેટ કરવા માટે 811 પર કૉલ કરો અથવા **ontario.ca/health811** ની મુલાકાત લો.

જો આ તમારા માટે યોગ્ય હોય તો Health811 તમને વર્ચ્યુઅલ કેર કન્સલ્ટેશન સાથે જોડી શકે છે.

**એ મહત્વનું છે કે તમને લક્ષણો દેખાવા લાગે કે તરત જ તમે સ્વાસ્થ્ય સંભાળ કાર્યકર્તા સાથે વાત કરો**. પૅક્સલોવિડને સારી રીતે કામ કરવા માટે લક્ષણો શરૂ થયાના પાંચ દિવસની અંદર શરૂ કરવું આવશ્યક છે.

જો તમને ગંભીર લક્ષણો હોય, તો 911 પર કૉલ કરો અથવા ઇમરજન્સી વિભાગમાં જાઓ. ગંભીર લક્ષણોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- શ્વાસ લેવામાં મુશ્કેલી
- છાતીમાં દુખાવો
- ભાન ગુમાવી દેવું
- ગભરામણ

## જ્યારે હું મારા આરોગ્ય સંભાળ કાર્યકર્તા સાથે પૅક્સલોવિડ વિશે વાત કરું ત્યારે મારે કઈ માહિતી લાવવાની જરૂર ?

જ્યારે તમે આરોગ્ય સંભાળ કાર્યકર્તા સાથે વાત કરો, ત્યારે તમારે આ લાવવું જોઈએ:

- પ્રિસ્ક્રિપ્શન્સ અને ઓવર-ધ-કાઉન્ટર દવાઓ, વિટામિન્સ અને હર્બલ સપ્લિમેન્ટ્સ સહિત તમે જે જે દવાઓ લેતા હોવ તે તમામની યાદી
- તમારી તબીબી બીમારીઓની યાદી
- જો તમારી પાસે ઉપલબ્ધ હોય તો તાજેતરમાં થયેલ કોઈપણ લોહીની તપાસની નકલ

જો તમને કોઇ એલર્જી, લીવર અથવા કિડનીની બીમારી હોય, અથવા જો તમે ગર્ભવતી હો, સ્તનપાન કરાવતાં હોવ અથવા હોર્મોનલ બર્થ કંટ્રોલ (જેમ કે જન્મ નિયંત્રણની ગોળીઓ અથવા પેચ) નો ઉપયોગ કરતા હોવ તો તમારા આરોગ્ય સંભાળ કાર્યકર્તાને જણાવો.

## શું મારે પૅક્સલોવિડ મેળવવા માટે કોવિડ-19 ટેસ્ટ કરાવવાની જરૂર હોય છે?

પૅક્સલોવિડ મેળવવા માટે તમારે કોવિડ-19 ના પોઝિટિવ ટેસ્ટની જરૂર પડશે. આ પીસીઆર, રૅપીડ મોલેક્યુલર ટેસ્ટ, અથવા રૅપીડ એન્ટિજેન ટેસ્ટ હોઈ શકે છે (ભલે તે ઘરે કરવામાં આવેલ હોય).

**પૅક્સલોવિડ વિશે આરોગ્ય સંભાળ કાર્યકર્તા સાથે વાત કરતા પહેલાં તમારે પોઝિટિવ ટેસ્ટ કરાવવાની જરૂર નથી.** જો તમારે ટેસ્ટની જરૂર હશે તો તેઓ તમને ટેસ્ટ કરાવવામાં મદદ કરશે.

## શું પૅક્સલોવિડ મફત છે?

આરોગ્ય સંભાળ કાર્યકર્તાના પ્રિસ્ક્રિપ્શન સાથે પૅક્સલોવિડ મફત છે. પૅક્સલોવિડ મેળવવા માટે તમારે OHIP કાર્ડની જરૂર નથી.

## મારે પૅક્સલોવિડ કેવી રીતે લેવાની?

પૅક્સલોવિડ પાંચ દિવસ માટે દિવસમાં બે વાર મોંઢાથીતે (મોં દ્વારા) લેવામાં આવે છે.

પૅક્સલોવિડ સવારના ડોઝ અને સાંજના ડોઝ સાથે પેકેજમાં આવે છે. દરેક ડોઝમાં નિર્માત્રેલવીર (ગુલાબી ગોળીઓ) ની 2 ગોળીઓ અને રિતોનાવીર (સફેદ ગોળી) ની 1 ગોળીનો સમાવેશ થાય છે.

કિડનીની બિમારીવાળા લોકોમાં ઓછો ડોઝ લખવામાં આવી શકે છે.

તમારે સવારની ત્રણેય ગોળીઓ એક જ સમયે અને સાંજની ત્રણેય ગોળીઓ એક જ સમયે, પૂરા 5

દિવસ સુધી અચૂક લેવી જ જોઇએ. પૅક્સલોવિડ ખોરાક સાથે અથવા ખોરાક વગર લઈ શકાય છે. જો તમે પૅક્સલોવિડનો ડોઝ ચૂકી ગયા હોવ અને તે સામાન્ય રીતે લેવામાં આવે છે તેના 8 કલાકની અંદર હોય, તો તમને યાદ આવે એટલું જલ્દી લઇ લો. જો તમે 8 કલાકથી વધુ સમય સુધી ડોઝ ચૂકી જાઓ, તો ચૂકી ગયેલ ડોઝને છોડી દો અને તમારા નિયમિત સમયે આગલો ડોઝ લો. એક જ સમયે પૅક્સલોવિડ (6 ગોળીઓ)ના 2 ડોઝ ન લેશો.

તમારા આરોગ્ય સંભાળ કાર્યકર્તાએ તમને કહ્યું હોય બરાબર તે પ્રમાણે જ હંમેશા પૅક્સલોવિડ લો.

**પૅક્સલોવિડ સારવાર લેતી વખતે તમે હજી પણ ચેપી છો અને ચેપ ફેલાવાથી બચવા માટે જાહેર આરોગ્યના પગલાંનું પાલન કરવું જોઈએ.** વર્તમાન જાહેર આરોગ્ય પગલાં વિશે અહીં વાંચો: **https://www.ontario.ca/page/public-health-measures-and-advice**

## પૅક્સલોવિડની સંભવિત આડઅસરો શું છે?

પૅક્સલોવિડ લેતી વખતે તમે નીચેની આડઅસરો અનુભવી શકો છો:

- સ્વાદમાં ફેરફાર
- ઝાડા
- હાઇ બ્લડપ્રેશર
- સ્નાયુનો દુખાવો
- પેટમાં દુખાવો
- ઊબકા
- સામાન્ય રીતે અસ્વસ્થતા અનુભવવી

તમે અન્ય આડઅસરો જોઈ શકો છો. જો તમને આડઅસર હોય જે તમને પરેશાન કરતી હોય અથવા દૂર થતી ન હોય તો તમારા આરોગ્ય સંભાળ કાર્યકર્તા સાથે વાત કરો.

પૅક્સલોવિડની અન્ય દુર્લભ પરંતુ સંભવિત આડઅસરો આ છે:

- **એલર્જીક પ્રતિક્રિયાઓ.** જો તમને નીચેનામાંથી કોઈ એલર્જીક પ્રતિક્રિયાનાં લક્ષણો દેખાય તો પૅક્સલોવિડ લેવાનું બંધ કરો અને તરત જ તમારા આરોગ્ય સંભાળ કાર્યકર્તાને કૉલ કરો: તમારી ત્વચા પર ખંજવાળવાળી ફોલ્લીઓ (શિળસ), ગળવામાં અથવા શ્વાસ લેવામાં તકલીફ, હોઠ, ચહેરો અથવા જીભ સૂજી જવાં, ગળામાં ખેંચાણ અથવા અવાજમાં કર્કશતા.
- **લીવરની સમસ્યાઓ.** જો તમને લીવરની સમસ્યાઓનાં આમાંનાં કોઈપણ ચિહ્નો અને લક્ષણો હોય તો તરત જ તમારા આરોગ્ય સંભાળ કાર્યકર્તાને જણાવો: ત્વચા અથવા આંખો પીળાશ પડતી હોય (કમળો), અસામાન્ય રીતે ઘેરા રંગનું પેશાબ (પેશાબ), તમારા પેટની જમણી બાજુએ નવો દુખાવો.
- **HIV દવાઓ સામે પ્રતિકાર.** જો તમને HIV સંક્રમણની સારવાર ન કરવામાં આવી હોય, તો પૅક્સલોવિડ અમુક HIV દવાઓને ભવિષ્યમાં સારી રીતે કામ ન કરવા તરફ દોરી શકે છે.

## શું હું અન્ય દવાઓ લેતી વખતે પૅક્સલોવિડ લઈ શકું?

પૅક્સલોવિડ ઘણી સામાન્ય રીતે વપરાતી દવાઓ અને સપ્લિમેન્ટ્સ સાથે પરસ્પર પ્રભાવ કરી શકે છે. આરોગ્ય સંભાળ કાર્યકર્તા (ઉદાહરણ તરીકે, ફાર્માસિસ્ટ) તમારી અન્ય દવાઓમાં ફેરફાર કરી શકે છે જેથી કરીને તમે સુરક્ષિત રીતે પૅક્સલોવિડ લઈ શકો.

પૅક્સલોવિડ હોર્મોનલ જન્મ નિયંત્રણ જે રીતે કાર્ય કરે છે તેના પર પણ અસર કરી શકે છે. પૅક્સલોવિડ લેતી વખતે તમારે ગર્ભનિરોધકની બીજી પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ (ઉદાહરણ તરીકે, કોન્ડોમ અથવા આત્મસંયમ).

## જો મારાં કોવિડ-19 નાં લક્ષણો વધુ ખરાબ થાય તો મારે શું કરવું જોઈએ?

જો તમને સારું ન લાગે અથવા 5 દિવસ પછી તમને વધુ ખરાબ લાગે તો તમારા આરોગ્ય સંભાળ કાર્યકર્તા સાથે વાત કરો.

જો તમને ગંભીર લક્ષણો દેખાય, તો 911 પર કૉલ કરો અથવા ઇમરજન્સી વિભાગમાં જાઓ. ગંભીર લક્ષણોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- શ્વાસ લેવામાં મુશ્કેલી
- છાતીમાં દુખાવો
- ભાન ગુમાવી દેવું
- ગભરામણ

આ માહિતી જાન્યુઆરી 2023 સુધીની પરિપૂર્ણ છે.

**સુલભ ફોર્મેટમાં આ માહિતીની જરૂર છે?**
1-877-280-8538, ટીટીવાય 1-800-855-0511, info@ontariohealth.ca

Publication No. 301216 (Gujarati)
ISBN No. 978-1-4868-6847-6 (PDF)
© King's Printer for Ontario, 2023